Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/-૯૮૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
**Web : suratdeo.org**
**Email : suratdeo@gmail.com**
તા. ૦૮/૦૬/૨૦૨૨

**પ્રતિ,**

**આચાર્યશ્રી,**

**સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ,**

**ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ**

**સુરત. જિ.સુરત**

સામેલ તા.૩૦/૦૫/૨૦૨૨નાં પત્ર અન્વયે આપની કક્ષાએથી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારું..

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લા-સુરત

અગત્યનું-સમયમર્યાદા

ક્રમાંક :પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૨૨/૬૯૧૯ -૨૦૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં-૧૨/૧, ગાંધીનગર
તા.30/૦૫/૨૦૨૨.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/
શાસનાધિકારીશ્રીઓ,
તમામ.

**વિષય :** રાષ્ટ્રીય પારિતોષિક -૨૦૨૨ ની નવી માર્ગદર્શિકા મુજબ Online ડેટા એન્ટ્રી કરવા બાબત.
**સંદર્ભ** : માનવ સંશાધન વિકાસ મંત્રાલય,શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ,
નવી દિલ્હીનાં તા.૨૭/૦૫/૨૦૨૨નાં પત્ર ક્રમાંક: એફ.૧-૧૬/૨૦૨૨-એન.એ.ટી.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે માનવ સંશાધન વિકાસ મંત્રાલય, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, નવી દિલ્હી દ્વારા " શિક્ષકો માટેની રાષ્ટ્રીય પારિતોષિક " યોજના અમલમાં છે, જે અંતર્ગત સદર અધિકૃત વિભાગ દ્વારા નવી (સુધારેલ) માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. જે માનવ સંશાધન વિકાસ મંત્રાલય,શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, નવી દિલ્હીનાં તા.૨૭/૦૫/૨૦૨૨નાં પત્રની નકલ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

ઉક્ત માર્ગદર્શિકામાંની સૂચનાઓ અન્વયે, જે સક્ષમ શિક્ષકો રાષ્ટ્રીય પારિતોષિક - ૨૦૨૨ માટે દરખાસ્ત કરવા ઇચ્છતા હોય તેઓએ પોતાના નામની નોંધણી તા.૦૧/૦૬/૨૦૨૨ થી તા.૨૦/૦૬/૨૦૨૨ દરમ્યાન MHRD ની વેબસાઈટ (http://nationalawardstoteachers.education.gov.in) ઉપર કરી લેવાની રહેશે.

આપના જીલ્લામાંથી રાષ્ટ્રીય પારિતોષિક - ૨૦૨૨ માટે દરખાસ્ત કરવા ઇચ્છતા શિક્ષકો માટે, MHRD દ્વારા નવી(સુધારેલ) માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવેલ છે, જે અન્વયે આપવામાં આવેલી સૂચનાઓ મુજબ તેમાં જણાવેલ નિયત સમયમર્યાદામાં પોતાના નામની ઓનલાઈન નોંધણી કરી શકે તે માટે નવી (સુધારેલ) માર્ગદર્શિકાની જાણ, આપના તાબા હેઠળની તમામ શાળાઓમાં થાય અને શાળાકક્ષા ઉપરાંત તમામ જીલ્લાઓમાં વર્તમાનપત્રોના માધ્યમથી બહોળો પ્રચાર-પ્રસાર થાય તે જરૂરી છે. જેથી વધુમાં વધુ લાયક શિક્ષકો આ અંગે પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે આપની કક્ષાએથી આ અંગેની કાર્યવાહી તત્કાલ હાથ ધરવા જણાવવામાં આવે છે.

(ડૉ. એમ. આઇ. જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ.